# 'ભગવતીસૂત્ર' અને અન્ય આગમોનું સંપાદન

## દલસુખભાઈ માલવણિયા

શ્રી પં. બેચરદાસજી દોશીએ આગમોનું સંપાદન જે કાળે ઉપાડયું ત્યારે તેમને જોઈતો સહકાર મળ્યો નહીં. કારણ કે તે કાળે એવી માન્યતા પ્રવર્તતી હતી કે શ્રાવકોથી આગમો વંચાય જ નહીં. તો પછી સંપાદનની વાત તો દૂર જ રહે. છતાં પણ પંડિતજીએ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ અપરનામ ભગવતી જેવા મહત્ત્વના ગ્રન્થનું સંપાદન શરૂ કર્યું. આ એક સાહસ જ હતું છતાં પણ તેમણે આગવી સૂઝથી જે પ્રકારે તેનું સંપાદન કર્યું તે પદ્ધતિથી આજે પણ હજી કોઈએ કર્યું નથી એમ કહી શકાય. એટલે આજે પણ ભગવતીની અનેક બીજી આવૃત્તિઓ મોજુદ છતાં પંડિતજીના ભગવતીની માંગ બની રહી છે.

ભગવતીસૂત્રની[1] માત્ર એક જ હસ્તપ્રત તેમને તે કાળે મળી હતી છતાં પણ તેમણે યથાસંભવ વિશુદ્ધ મૂળ પાઠ આપવાનો તેમાં પ્રયત્ન કર્યો છે.[2] ભગવતીનું પુનઃસંપાદન તેમણે મહાવીર જૈન વિદ્યાલયની આગમ ગ્રન્થમાળામાં અનેક પ્રતોને આધારે કર્યું છે તેને પ્રથમના સંપાદન સાથે મેળવવામાં આવે તો પંડિતજીની એકમાત્ર પ્રતને આધારે કરેલી પાઠશુદ્ધિ કેવી છે તેનો ખ્યાલ આવી જાય છે.

ભગવતીના સંપાદનમાં તેમણે માત્ર મૂળ પાઠ આપીને સંતોષ નથી માન્યો, તેનો ગુજરાતી અનુવાદ પણ આપ્યો તે ઉપરાંત આચાર્ય અભયદેવની વૃત્તિ પણ ગુજરાતી અનુવાદ સાથે છાપી છે. આટલાથી પણ તેમને સંતોષ થયો નથી એટલે તેમણે વિષય-ચર્ચા જે મૂળ અને ટીકામાં આવે છે તેને સ્પષ્ટ કરતા ટિપ્પણો અતિ વિસ્તારથી આપ્યા છે. જે કાળની આ તેમની રચના છે તે કાળે આ પ્રકારના ટિપ્પણો લખવાની પ્રથા હતી જ નહીં. આ તેમની સૂઝનું જ પરિણામ છે અને તેમની કાર્ય કરવાની પદ્ધતિનું સૂચક પણ છે. જે કરવું તે સર્વાંગીણ કરવું, તેમાં કશી કમી રહેવા દેવી નહીં.

આગમો વિષે બીજું તેમનું કાર્ય છે આગમોના સંક્ષેપ કરી આપવાનું. આ બાબતમાં તેમણે ભગવાન મહાવીરની ધર્મકથાઓ[3] નામે જ્ઞાતાધર્મકથાનો સારાંશ સરળ ગુજરાતી ભાષામાં આપ્યો છે. આમાં પણ પોતાની આગલી શૈલીમાં પંડિતજીએ ટિપ્પણ આપ્યા છે. તે જ પ્રમાણે 'ભગવાન મહાવીરના દશ ઉપાસકો'[4]માં ઉપાસકદશાનો સારાંશ આપી દીધો છે.

આ ઉપરાંત 'રાજપ્રશ્નીય'[5] આગમનું સંપાદન અને ગુજરાતી અનુવાદનું કાર્ય પણ સફળતાથી તેમણે કર્યું છે. આમાં પણ ટિપ્પણો તો છે જ.

---

૧ જિનાગમ પ્રકાશક સભા, ભાગ-૧-૨ મુંબઈ, ઈ. ૧૯૨૮ ભાગ-૩ ગૂજરાત વિદ્યાપીઠ ઈ. ૧૯૨૯

૨ મહાવીર જૈન વિદ્યાલય, ભાગ ૧-૩, ૧૯૭૪, ૧૯૭૮, ૧૯૮૨.

૩ ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ઈ. ૧૯૩૧

૪ ગૂર્જર ગ્રન્થરત્ન કાર્યાલય, અમદાવાદ ઈ. ૧૯૩૧

૫ લાધાજી સ્વામી પુસ્તકાલય, લીંબડી, ઈ. ૧૯૩૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org